प्रेमभक्ति–ग्रन्थमाला

કુરુક્ષેત્ર

દશમ કાંડ, રૌદ્રી

અથવા

કાળનો ડંકો

ન્હાનાલાલ દલપતરામ કવિ

હવે પછી છપાશે

૧, કુરુક્ષેત્ર: તૃતીય કાંડ, નિર્ધાર

૨, ઉપનિષદ્ પંચક, સમશ્લોકી

૩, ધર્મમન્થન

૪, ઇન્દુકુમાર, અંક ૩ જો, સમર્પણ

૫, શિક્ષાપત્રી, સમશ્લોકી

પ્રેમભક્તિ-ગ્રન્થમાળાનાં

નવીન ગ્રન્થો અને આવૃત્તિઓ

	પ્રથમાવૃત્તિની સાલ
૧૭, શકુન્તલાનું સંભારણું (૨જી આવૃત્તિ)	૧૯૨૬
૧૮, કુરુક્ષેત્ર : પ્રથમ કાંડ, યુગપલટો (૩જી આવૃત્તિ)	૧૯૨૬
૧૯, કુરુક્ષેત્ર : દ્વાદશ કાંડ, મહાસુદર્શન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૦, ઉદ્‌બોધન (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૧, અર્ધશતાબ્દિના અનુભવબોલ (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૨, સંસારમન્થન (૨ જી આવૃત્તિ)	૧૯૨૭
૨૩, વિશ્વગીતા (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૪, ઈન્દુકુમાર, અંક ૨ જો (૨જી આવૃત્તિ)	૧૯૨૭
૨૫, ન્હાના ન્હાના રાસ, ભાગ ૨ જો (૨જી આવૃત્તિ)	૧૯૨૮
૨૬, ગીતમંજરી	૧૯૨૮
૨૭, જહાંગીર-નૂરજહાન (૨જી આવૃત્તિ)	૧૯૨૮
૨૮, કુરુક્ષેત્ર : ચતુર્થ કાંડ, યોધપર્વણી	૧૯૨૮
૨૯, કુરુક્ષેત્ર : પંચમ કાંડ, પ્રતિજ્ઞાદ્વન્દ્વ	૧૯૨૮
૩૦, કુરુક્ષેત્ર : એકાદશ કાંડ, શરશય્યા	૧૯૨૯
૩૧, કુરુક્ષેત્ર : દ્વિતીય કાંડ, હસ્તિનાપુરના નિર્ઘોષ	૧૯૩૦
૩૨, શાહાનશાહ અકબરશાહ	૧૯૩૦
૩૩, પાંખડીઓ	૧૯૩૦
૩૪, સંબોધન	૧૯૩૦
૩૫, કુરુક્ષેત્ર : દશમ કાંડ, કાળનો ડંકો	૧૯૩૦

પ્રેમભક્તિ-ગ્રન્થમાળા

પ્રથમ આવૃત્તિની સાલ

૧	કેટલાંક કાવ્યો, ભાગ ૧ લો (૨જી આવૃત્તિ)	૧૯૦૩
૨	રાજસૂત્રોની કાવ્યત્રિપુટિ	૧૯૦૩-૦૫-૧૧
૩	વસન્તોત્સવ (૩જી આવૃત્તિ)	૧૯૦૫
૪	કેટલાંક કાવ્યો, ભાગ ૨ જો (૨જી આવૃત્તિ)	૧૯૦૮
૫	ઇન્દુકુમાર, અંક ૧ લો (૩જી આવૃત્તિ)	૧૯૦૯
૬	ન્હાના ન્હાના રાસ, ભાગ ૧ લો (૭મી આવૃત્તિ)	૧૯૧૦
૭	શ્રીમદ્ ભગવદ્‌ગીતા, સમશ્લોકી (૨જી આવૃત્તિ)	૧૯૧૦
૮	જયા-જયન્ત (૪ થી આવૃત્તિ)	૧૯૧૪
૯	મેઘદૂત, સમશ્લોકી (૩જી આવૃત્તિ)	૧૯૧૭
૧૦	ઉષા (૫મી આવૃત્તિ)	૧૯૧૮
૧૧	ચિત્રદર્શનો	૧૯૨૧
૧૨	રાજર્ષિ ભરત (૨જી આવૃત્તિ)	૧૯૨૨
૧૩	પ્રેમકુંજ (૨જી આવૃત્તિ)	૧૯૨૨
૧૪	પ્રેમભક્તિ-ભજનાવલિ	૧૯૨૪
૧૫	સાહિત્યમન્થન	૧૯૨૪
૧૬	વૈષ્ણવી ષોડશ ગ્રન્થો, સમશ્લોકી	૧૯૨૫

प्रेमभक्ति–ग्रन्थमाळा

रसो वै सः

કુરુક્ષેત્ર

દશમ કાંડ, રૌદ્રી

અથવા

કાળનો ડંકો

ન્હાનાલાલ દલપતરામ કવિ

વિ. સં. ૧૯૮૬ ઈ. સ. ૧૯૩૦

કીંમત દસ આના

પ્રકાશક : ન્હાનાલાલ દલપતરામ કવિ,

ભદ્ર, અમદાવાદ, નં. ૧

આવૃત્તિ ૧ લી   ૧૯૩૦   ‘ ગુજરાતી ’ના
દીપોત્સવીઅંકમાં

આવૃત્તિ ૨ જી   ૧૯૩૦   પ્રત ૧૧૫૦

પ્રથમ કાંડ	: યુગપલટો	(૧૯૨૬)
દ્વિતીય કાંડ	: હસ્તિનાપુરના નિર્ઘોષ	(૧૯૩૦)
ચતુર્થ કાંડ	: ચોધપર્વણી	(૧૯૨૭)
પંચમ કાંડ	: પ્રતિજ્ઞાદ્વન્દ્વ	(૧૯૨૮)
દશમ કાંડ	: કાળનો ડંકો	(૧૯૩૦)
એકાદશ કાંડ	: શરશય્યા	(૧૯૨૯)
દ્વાદશ કાંડ	: મહાસુદર્શન	(૧૯૨૭)

એમ કુરુક્ષેત્ર મહાકાવ્યના સાત કાંડ છપાઈ ગયા છે. અને આવતી સાલ બીજા બે કાંડ છપાશે.

૧૯૨૭ની સાલ પછી પ્રેમભક્તિ–ગ્રન્થમાળાના પ્રત્યેક ગ્રન્થની પ્રત્યેક પ્રત ઉપર કર્તાની ટૂંકી સહી હોય છે.

મુદ્રણસ્થાન : આદિત્ય મુદ્રણાલય : રાયખડરોડ : અમદાવાદ

મુદ્રક : ગજાનન વિશ્વનાથ પાઠક

રૌદ્રી

અથવા

કાળનો ડંકો

કુરુક્ષેત્ર નામના **મહાકાવ્યનો** આ દશમ કાંડ **શ્રી ગુજરાતી** પત્રના આ સાલના દીપોત્સવી અંકમાં છપાયો છે તે ગુજરાતને ચરણે ધરૂં છું. આનું વસ્તુ લોકવિખ્યાત છે, ને હજારો વર્ષથી ભારતવર્ષની જનતા એને વાંચતી-વિચારતી આવી છે. ભૂત વર્તમાન ને ભવિષ્ય-ત્રણે કાળનો આ કુરુક્ષેત્રની મહાવાર્તા તો ભારતીય મહાપ્રજાનો સનાતન વારસો છે.

આ કાંડ નવેમ્બર ૧૯૨૯માં આરંભાઇ ને ઓકટોબર ૧૯૩૦માં છપાયો છે.

ઈ. સ. ૧૯૩૦ **ન્હાનાલાલ દલપતરામ કવિ**

વિષયસ્ફોટન

કુરુક્ષેત્રના મહાયુદ્ધના ૧૮ મા દિવસ ને રાત્રિનો આ કાંડમાંનો કથાભાગ મહાભારતના નીચેના શબ્દોમાંથી લીધેલો છે:

'પછી મહારાજા દુર્યોધન, ભાગ્યને તથા ભવિતવ્યતાને બળવાન માની, શલ્યને વિધિપૂર્વક સેનાપતિ સ્થાપી, × × પુનઃ યુદ્ધ કરવા નીકળ્યો.'

પ્રતાપી મદ્રરાજા શલ્યે સર્વતોભદ્ર નામનો વ્યૂહ રચ્યો.

'ચોતરફ મર્યાદા મૂકીને જ યુદ્ધ ચાલતું હતું.'

'યુધિષ્ઠિરે × તણખાઓને ઝરતી શક્તિ શલ્યના ઉપર ફેંકી.' એ શક્તિ 'અમોઘ એવા બ્રહ્મદંડના જેવી જણાતી હતી.'

'ધર્મરાજાએ શલ્યને × મધ્યાહ્નને સમયે મારી નાંખ્યો.' અને 'દુર્યોધન રાજા બન્ધુરહિત થઇ પડયો. તેથી રણમાંથી નાસી ગયો, અને તે પાણીના એક ભયંકર ધરામાં પેસી ગયો. અને માયા વડે પાણીને થંભાવી રાખ્યું.'

'દિવસના પાછલા પહોરે ભીમસેને તે ધરાને ચોતરફથી ઘેરી લીધો, અને યુદ્ધને માટે બૂમો પાડી દુર્યોધનને ધરામાંથી બહાર બોલાવ્યો.'

ગદાયુદ્ધ: દુર્યોધનનું ઘવાઇને પડવું.

'દુર્યોધન રાજા પૃથ્વી પર જેવો પડયો કે ગર્જના

કરતા તીક્ષ્ણ પવનો વાવા લાગ્યા; ધૂળની વૃષ્ટિ થવા લાગી; × × બળબળતાં ભયંકર ઉંબાડિયાં કડાકા—ભડાકા સાથે આકાશમાંથી નીચે પડવાં લાગ્યાં.'

દુર્યોધનના પડવે 'યુધિષ્ઠિર રાજાએ દીનતાથી ગળગળા સ્વરે દુર્યોધનની કને જઈને કહ્યું : 'ભાગ્યને કોઈ ઉલંઘી શકતું નથી. × એ કૌરવ ! અમારો તો આખો જન્મારો શોક કરવા યોગ્ય થઈ પડ્યો છે."

'મહાધનુર્ધારી દુર્યોધન હણાયા પછી ત્રણ મહારથીઓ, અશ્વત્થામા કૃપાચાર્ય ને કૃતવર્મા, જે બચ્યા હતા તેમણે અર્ધરાત્રિએ ક્રોધમાં આવીને પાંચાળ દેશના અને સોમક વંશના રાજાઓને મારી નાંખ્યા.'

રૌદ્રીનો મહાસંહાર.

'આ બાબતમાં વિધિ બળવાન છે ને પુરુષાર્થ નિરર્થક છે.'

તે રાત્રિએ 'પાંડવોના સૈનિકોએ છાવણીમાં કાળરાત્રીને ગાયન કરતી દીઠી.'

'પાંડવકૌરવના પરસ્પર યુદ્ધને લીધે કાળથી મોહિત થએલા આ જગતમાં માત્ર સ્ત્રીઓ જીવતી રહી!'

સંજયે ધૃતરાષ્ટ્ર મહારાજને કહ્યું કે

'પાંડવપક્ષમાં પાંચ પાંડવો, કૃષ્ણ, અને સત્યકી એ સાત પુરુષો જીવતા રહ્યા છે. અને કૌરવપક્ષમાં કૃપાચાર્ય, કૃતવર્મા અને અશ્વત્થામા એ ત્રણ મહારથી જીવતા રહ્યા છે. × અઢાર અક્ષૌહિણીવાળાં સૈન્યોમાંથી આ દશ મહારથીઓ જ માત્ર બચી ગયા છે.'

શલ્યપર્વ ને સૌપ્તિકપર્વમાંથી

શિબિરની ગુફાઓ ભરી ગડગડતાં હતાં. ૨

તે સ્હવાર મૃત્યુમુખાળું હતું;
મધ્યાહ્નોત્તર કાળયોગનો હતો;
રાત્રી મૃત્યુદંષ્ટ્રાળી ખપ્પરધારિણી હતી. ૫
તે તિથિએ કૌરવયુગ ઉતરી
પૃથ્વીમાં પાંડવયુગ બેઠો. ૭
તે તિથિ ઉપશિવરાત્રીની હતી.
કૈલાસમાં ધૂર્જટીએ તાંડવ માંડયું
તેથી ધરતીહૈયે મહાસંહાર ખેલાયા. ૧૦
આભના ઓછાયા અવનીમાં વેરી
રૌદ્રીએ રૂદ્રપ્રભાવ દાખવ્યો.
કુરુક્ષેત્રની એ કાળરાત્રી હતી. ૧૩
કાળનો જુવાળ યોધપર્વણીએ ચ્હડયો’તો,
ને ભરતી કુરુક્ષેત્ર ભરી ડોલતી.
કાળભરતીના ઓટના છેલ્લા ઘોર
જગતમાં આજે ગાજતા. ૧૭
મહાસંગ્રામનો તે સાયંકાળ હતો.

ને સાયંકાળના પ્રલંબ પડછાયા સમા
ધરતી ભરી પડછાયા પથરાતા.
મધ્યાહ્નની સૂર્યજ્યોત અસ્તાચળે ઉતરે
એવી સંગ્રામજ્વાળા અસ્તાચળે ઉતરતી.
કાળનો ડંકો ઉચ્ચરતો'તો કે
કુરુક્ષેત્રની આજ છેલ્લી તિથિ છે.
        અઢારમી તિથિના સૂર્યોદયે
અઢાર અક્ષૌહિણીનાં અવશેષ
કુરુક્ષેત્ર વચ્ચે આવી ઉભાં.
એ મહાસેનાઓ ન્હોતી,
સેનાઓનાં જીરણ જહાજ હતાં.
પહેલી યોધપર્વણીએ યોજરાજોથી
કુરુક્ષેત્રનાં આભ છલકાતાં હતાં;
આજ કુરુક્ષેત્રની હસ્તસ્થલીમાં
આચમનની અંજલિ જાણે પડી હતી.
હુનાળે સરોવર સૂકાય
ને ખાબોચિયાંના ખોબલા રહે,
સેનાઓ એવી કૃશાંગ દીસતી.

શ્રાવણભાદરવાનાં પૂર ઓસરી
વૈશાખની સરવાણીઓ સળવળતી.
સેનાનીઓનાં પૂર ન્હોતાં,
આજ ઝરણાં ઝમઝમતાં.
ઓસરેલો આથમેલો ઓટનો
ત્હો યે ઉછળાટ વીરોનો હતો.
માતંગમૂર્તિ મદ્રરાજે
સર્વતોભદ્ર વ્યૂહ રચ્યોઃ
પાંડવોએ ત્રિખંડ વ્યૂહ માંડયો.
સૂર્યદેવનાં કેસરિયાં ઝીલતા ઝીલતા,
દિશાઓને વિલોકતા ને વાંચતા
યોધરાજો ઉભા હતા.
ગાન્ધારરાજ ત્હાં આવ્યા
અને પૂછયું : ‘ કૌરવનાથ ક્ય્હાં ? ’
મદ્રરાજે મુખ મરડયું
ને પશ્ચિમ દિશા દાખવી.
‘ ન્હહો, પશ્ચિમને સેનાસીમાડે.
પૃથ્વી ઉપર આથમતા સૂર્ય જેવું

સોનાવર્ણું પેલું છત્ર ઝગમગે :
કૌરવરાજ ત્ય્હાં છે.'
        ગાંધારરાજે રથ ત્ય્હાં ખેડચો.
સૂર્યદેવની સુવર્ણછાયા ત્ય્હાં હતી.
એ છત્રછાયા નીચે ઉભીને
કૌરવનાથ કુરુમંડળ નિહાળતા હતા.
ઉગમતા સૂર્યનું જાણે પ્રતિબિંબ !
        ' ચાલો, રણસ્થંભને વન્દો:
અઢાર વરષે એક વાર તો વન્દો.
રણસ્થંભ રણના આશીર્વાદ ભણશે.
રણસ્થંભ વિધાતાએ રોપેલો છે.'
        ' રણસ્થંભ કૃષ્ણે રોપેલો છે.
કૃષ્ણરોપ્યા રણસ્થંભને નહિ નમું.
કૌરવકુળના પરમ શત્રુ
પાંડવો નથી, કૃષ્ણ છે.'
        ' ભેરૂ કાળને ભાળી ગયો
તે શસ્ત્ર ઉતારીને કુરુક્ષેત્રે આવ્યો.
આ ક્ષત્રિયયજ્ઞે અક્ષત્રિય એક એ છે.'

‘ કારમા કારસ્થાની છે કૃષ્ણદેવ. ’
‘ લેશો આ ગેબની ગદા ?
વિશ્વકર્માએ સ્વયં ઘડી છે.
પૃથ્વીને મારશો તો
પૃથ્વીને ફોડશે–કાચલાં કરશે.
આજની એ જયશક્તિ છે.’

‘ અઢારમી વરધે
વિશ્વકર્મા મોડા પધાર્યા આજ—’
એવે સેનાનીઓના શંખનાદ થયા.
દિશાઓ ધ્રૂજી; આભ ધણુધણ્યાં;
પૃથ્વીના થરપડથાર થરથર્યાં.
વીરોનું વીરમુહૂર્ત ઉગ્યું,
ને કાળનો ડંકો વાગ્યો.
કુરુક્ષેત્રનો જુવાળ ઉલટ્યો હતો.

મદ્રરાજે શંખનાદ કીધો,
ધર્મરાજે પ્રતિઘોષ દીધો,
યોધરાજોએ યોધરમણા આરંભી.
હિમાદ્રિની પર્વતમાલાઓ નહિ,

આજ શિખરો શિખરોને અથડાતાં.
ઉતરતી ભરતીનો છેલ્લો ઘોર ગાજે
એવો સંગ્રામકોલાહલ ગાજતો.
સાયંકાળના આથમતા તડકામાંથી
ઉષ્મા ઉપટી ગઇ હોય
એવાં રણતેજ હતાં.
યોધ્ધરાજોની હાકલો આજ વાગતી,
પણ ભાગતાં મોજાંના ફટકાર સમી.
પ્રારબ્ધની ઘડીમાંથી
આખરનાં ટીપાં ટપકતાં હતાં.
કબૂતરિયે ઘોડે ને કોવિદારને ધ્વજે
સેનાધીશ ધૃષ્ટદ્યુમ્ન વિચરતો.
ચાર દંષ્ટ્રાળા માતંગરાજ સમો
ચાર બાણ ચ્હડાવીને પાર્થ ઘૂમતો.
શસ્ત્રધારે અવભૃથ સ્નાન તે સ્વર્ગપ્રાપ્તિ,
એમ માની યોધરાજો રણને માણતા.
ભેખડો જેમ પૂરની પાળ બાંધે
એમ મહારથીઓ સેનાનીઓને પાળવતા.

કર્ણપુત્રો ચિત્રસેન સત્યસેન સુષેણને
નકુળે યજ્ઞફળની પેઠે વધેર્યાં.
મામા સંગાથે ભીમ ગદાદાવ રમ્યો.
મ્લેચ્છપતિ શાલ્વરાજના ગજરાજનું
ધૃષ્ટદ્યુમ્ને ગદાથી ગંડસ્થળ ફોડયું.
કૃતવર્માએ સાત્યકીને ત્રિશૂળ માર્યું:
બીલીપત્રને પીંખે એમ
સાત્યકીએ ત્રિશૂળને પીંખી નાંખ્યું.
દુઃશાસનરુધિરપાનને સંભારીને
અગિયાર ધાર્તરાષ્ટ્રોએ ભીમને ઘેર્યો:
જાણે કોઠા ફરતા કાંગરા માંડયા.
એકાદશેને ભીમસેને વીરગતિ દીધી,
ને શતમંડળ કૌરવોની બન્ધુબેલડી રહી:
ગર્વતેજસ્વી દુર્યોધન ને શૌર્યસોહન્તો સુદર્શન.
ક્ષુરપ્રથી ભીમે સુદર્શનને ચીર્યો.
પછી પાંડવોની પાંખો ચંપાણી;
ને કપટતેજસ્વી ગાન્ધારરાજ શકુનિએ
પાંડવસેનાની પ્રદક્ષિણા ફરીને

પાછળથી પીઠનો ઘાવ કીધો.
સમયસાવધાન ધર્મરાજાએ
સહદેવને ઢાલ થવા કહાવ્યું.
કાળવેત્તાએ ભલ્લબાણે ગાન્ધારકુમારને વીંધ્યો,
પછી ગાન્ધારરાજને હણ્યા.
કૌરવનાથ ત્હારે નિરાધાર થયા.
ત્હારે શલ્યરાજે ગદા ફેરવી;
જાણે શૈલરાજે શિલા વીંઝી !
પાંડવસેનાના અણુરેણુ વિખેરાયા.
દુર્ગનાં દ્વાર પડે એમ
પાંડવનાયકો પૃથ્વી પોઢવા પડ્યા.
સંહાર વર્ષતા મદ્રરાજ સેનામાં પેઠા.
ફૂલવેલ પેઠે પાંડવસેનાને વેડવા માંડી.
યુધિષ્ઠિરે શલ્યનું પરાક્રમ જોયું.
પૂરની સ્હામે પાળ ઉભે એમ
મહારથી સ્હામે પ્રતિભટ થઈ ઉભા.
પછી ઘંટડીઓ પતાકાઓ મણિઓ જડેલી
સુવર્ણપંખાળી શક્તિ ઉગામી ને નાંખી :

જાણે અમોઘ બ્રહ્મદંડ ઉતર્યો !
પૃથ્વીને આલિંગીને મદ્રરાજ પડયા.
–અને મહાભયંકર અમર્યાદ યુદ્ધ ખેલાયું.
પડેલાં પોયણાંથી પૃથ્વી શોભે એમ
મૃત્યુપીધેલા યોદ્ધાઓની ફાટી આંખોથી
શોણિતકુંડ સમી રણભોમ શોભતી.
પાંડવો સંહારમોજે ચ્હડયા.
હાથી હણ્યા, અશ્વો માર્યા, ધ્વજો પાડયા,
સેનાનીઓને ને મહારથીઓને સંહાર્યા,
રણમંડળમાં જોગણીઓ નચાવી,
કુરુક્ષેત્રે મૃત્યુ વરસાવ્યાં,
કુરુસેનાને નિઃસેનાની કીધી.
ઈન્ધન ન રહ્યે અગ્નિ શમે
એમ સંહારવા કો રહ્યું નહિ ત્ય્હારે,
પાંડવયોધરાજોનો અગ્નિ શમ્યો.
છેલ્લી ધૂમ્રવાદળી ને જ્વાલાજ્યોત
આભમાં ઉછાળી જ્વાળામુખી હોલવાય,
એમ પછી વિશ્વસળગાવતો

મહાભારતનો જ્વાળામુખી હોલવાયો. ૧૬૩
    તે તિથિએ પાંડવોનો જયમધ્યાહ્ન હતો. ૧૬૪
    કે રાફડામાંથી ઉછળતી
ઝેરની ઝાળો શા રત્નસોહાગી કૌરવનાથે
આઘેના એક વેળુઢગલેથી
રણમંડળને કૌરવસૂનું દીઠું.
જોયું કે પરાક્રમનો અવસર ઓસર્યો.
પુણ્યસલિલ દ્વૈપાયન દ્રહ સાંભર્યો. ૧૭૦
નીરમાં નારાયણને વ્યૂહરચના પૂછવા
જાણે જળમ્હેલમાં જઇને ઝંપલાવ્યું,
ને જળને માયા વડે ઝીલી રાખ્યું. ૧૭૩
    પાંડવોએ કૌરવનાથને દિશદિશમાં શોધ્યા.
પણ જળમાં પોઢેલા પૃથ્વી પર ક્ય્હાં સાંપડે? ૧૭૫
    એમ અઢારમી યોધપર્વણીનો મધ્યાહ્ન નમ્યો.
પંખીસૂના આભ શું રણ ઉજ્જડ ઉભું.
વેરાનમાં યુગસમાપ્તિના પડઘા વાગતા. ૧૭૮
    મધ્યાહ્નોત્તર પારધીઓ આવ્યા,
ને પાંડવસેના કાજ વનસામગ્રી લાવ્યા. ૧૮૦

ધર્મરાજાને ચરણે એમણે રત્નદંડ ધર્યો;
ને એક વનવિહારીએ કહ્યું :
‘ દ્વૈપાયન દ્રહને આરેથી જડયો છે. ’ ૧૮૩
પાંડવોએ રત્નદંડને પિછાન્યો :
હસ્તિનાપુરનો એ રાજદંડ હતો.
સૌનાં નયનોમાં વીરતેજ અંજાયા.
રાવણું ઉઠયું ને દ્રહને ઘેર્યો :
જાણે દ્રહપાળે દેવદ્હેરીઓ ઉભી ! ૧૮૮
ભીમસેનનો પહાડી કંઠ ગાજ્યો :
‘ નરમેધ આરંભી નરનાથ ! નાઠા ? ૧૯૦
હા; નરમેધમાં યજમાન નથી હોમાતા.
જળમાં નહિ, કૌરવનાથ !
ક્ષત્રિયો રણમાં શયન કરે.
પાણીમાં પ્રારબ્ધ ધોતા હશો ! ’ ૧૯૪
નીર વીંધતા જઇને
એ શબ્દબાણ કૌરવનાથને હૈયે વાગ્યાં.
જળમાંથી કમળપુટ પ્રગટે એમ અન્તે
કૌરવનાથનો મસ્તકપુટ પ્રગટયો.

‘ વિધવા જેવી પૃથ્વી મ્હારે નથી વરવી;
પણ યુદ્ધના આહ્‌વાનને આદર છે મ્હારા. ૨૦૦
ક્ષાત્ર ઋણમાંથી આજ હું છૂટીશ.
પૃથ્વીમાં પાંડવ નહિ કે કૌરવ નહિ. ’ ૨૦૨
ધર્મનિષ્ઠ ધર્મરાજા ધર્મવેણ ઉચ્ચર્યાં:
‘ અગ્નિતીર્થ સમીપમાં છે,
સમંત પંચક બ્રહ્માની ઉત્તરવેદી છે.
આયુધ ને યોધ કૌરવનાથ કહે તે.
દ્વન્દ્વ યુદ્ધ ખેલો; જીતે ત્હેનું હસ્તિનાપુર. ’ ૨૦૭
જળકુંડમાંથી કૌરવનાથ નીકળ્યા.
‘ ગદા આયુધ, ને ભીમ યોધરાજ.
છેલ્લો છે પ્રારબ્ધનો પાસો. ૨૧૦
જીતે તે સિંહાસન ભોગવે. ’ ૨૧૧
એવે યાત્રિકવેશે હળધર ત્ય્હાં પધાર્યા.
વીરોએ રણવર્તમાન કહ્યા,
દ્વન્દ્વ યુદ્ધનાં આહ્‌વાન વર્ણવ્યાં.
બન્ને શિષ્યોએ ચરણોમાં ગદા ધરી.
બળભદ્રે કહ્યું : ‘ ભલે; ગદાયુદ્ધ ખેલો.

વૃકોદર બળવાન છે, કુરુરાજ ચતુર છે.'
પછી ગદાયુદ્ધ મંડાણું.
ગ્રહ ગ્રહને અથડાય એમ
ગદાઓ અથડાતી ને વાયુ ગાજતો.
ધરતીપાટે વિધવિધનાં મંડળ રચાયાં.
પરસ્પરને હાથીઓ શૂંઢ સપાટે
કે શૈલશિખરો શિલાઓ વરસાવે
એવા ગદાના ઘાવ પડતા.
એક યમ હતો, એક મૃત્યુ હતો.
વૃક્ષડાળી વૃક્ષડાળે પછડાય
ને મંહીથી તણખા ઝરે,
એમ તણખાઝરતી ગદાઓ પછડાતી.
શિખર શિખરને ભેટવા જાય
એવા યોધરાજો ભયંકર ભાસતા.
પાર્થે એવે સાથળ ઠોકી.
ભીમને દ્રૌપદી સાંભરી, શપથ સાંભર્યા.
નાડીઓમાં રૂધિર ઉછળ્યું,
હૈયામાં નિશ્ચય ઉછળ્યો,

હાથ ઉછળ્યા, ગદા ઉછળી:
જાણે મૃત્યુનો યમદંડ ઉછળ્યો.
કૌરવનાથે એવે અવસ્થાન દાવ ખેલ્યો.
પણ વૃકોદરની ગદા વિધિએ જાણે વીંઝી,
ને દુર્યોધનની દેહકમાન ભાંગી નાંખી.
પાપ પડે એમ કૌરવનાથ પડયા. ૨૪૦
 ત્હાં તો આભ અન્ધાર્યો,
દિશાઓએ વદને ધૂળ છાંટી,
અદ્ધરથી બળબળતાં ઉંબાડિયાં પડયાં,
સૂર્ય અગ્નિના અંગારા વરસ્યો. ૨૪૪
 મદોન્મત્ત હાથી પેઠે ભીમ ઘૂમતો,
ગાંડા ગોધા પેઠે ગરજતો,
અને અટ્ટહાસ્યે ખડખડાટ હસતો.
'શપથ પાળ્યા, વેર વાળ્યાં.
ઉતરો, આસ્માન! ત્હમને વધેરૂં.' ૨૪૯
 પડેલા મુગટને ભીમે પાયે ચાંપ્યો, ૨૫૦
કૌરવનાથના મસ્તકને ભીમે લાત મારી. ૨૫૧
 મેઘનો કાટકો થાય એવા

ભયંકર શબ્દે હળધર ધડૂક્યા :
'અધર્મી ! ધર્મયુદ્ધે અધર્મ ખેલે છે ?
પૃથ્વીના અણુઅણુ વિખેરતું આ આયુધ
ત્હારા મસ્તકકુંભના અણુઓ કરી વેરશે.'
ને શૂંઢ સમો હાથ બળરામે ઉછાળ્યો.
કૃષ્ણદેવે શેષાવતારને અવરોધ્યા.
'આપણે યુદ્ધમાં ઉતર્યા નથી;
આપણો યે જગત અધર્મ ભાખશે.
મહર્ષિ મૈત્રેયનો શાપ હતો જ ને ?
ને દ્રુપદકુંવરીને ઉછંગે ન્હોતરી ત્યહારની
ભીમકર્માની પ્રતિજ્ઞા હતી ઉછંગ ઉચ્છેદવાની.
વળી કળી બેઠો છે.
કેટકેટલા ધર્માધર્મ યુદ્ધમાં હવે પળાશે ?'
સહસ્ર ફણાએ ફૂંફાડા મારતો જલધોધ જાય
એવા, 'અધર્મ કર્યો' 'અધર્મ કર્યો' ઉચ્ચરતા,
શેષાવતાર કુરુક્ષેત્ર ત્યાગી દ્વારામતી ગયા.
પછી, સરોવરહૈયે પદ્મ પોઢે એમ,
ધર્મરાયની છાતીમાં સમાઇ પાર્થે કહ્યું:

'પૃથ્વી આજ ધર્મદેવની છે.' ૨૭૧
અશ્વમેધના અશ્વ શા પાર્થને પંપાળતા
ધર્મરાજાનાં દૃષ્ટિઝરણાં કૌરવનાથ ઉપર ઢળતાં.
વડિલના વત્સલ શબ્દે કહ્યું:
'ભાઇ! ભાગ્યને કો ઉલ્લંઘી શકતું નથી.
કૌરવનાથ! જાઓ છો, પણ
અમને અનાથ કરતા જાઓ છો.
સ્મશાનનગરીના અમે હવે નરનાથ.' ૨૭૮
પછી ધર્મરાજા કૃષ્ણદેવ કને ગયા.
'ઉપપ્લવ્યમાંનાં વ્યાસવચનો ૨૮૦
સાંભરે છે આ અવસરે:
'જ્હાં ધર્મ છે, ત્હાં કૃષ્ણ છે;
જ્હાં કૃષ્ણ છે, ત્હાં જય છે.'
કૃષ્ણ! ત્હમે જયના અવતાર છો.' ૨૮૪
આભને વાંચતા કૃષ્ણદેવે કહ્યું:
'પુરુષાર્થનાં પુણ્ય પ્રારબ્ધને ધૂવે છે.
પાંડવોનો પુરુષાર્થ કુરુક્ષેત્રને જીત્યો.
ચાલો ઓઘવતીને તીર; જળ ઝીલિયે,

ને મહાયુદ્ધના થાક ઉતારિયે.'
        જયઘોષ કરતા, શંખનાદ ગજવતા,
ઉત્તરીયનાં આભલાં ઉછાળતા,
પાંડવો કૌરવશિબિરે પેઠાઃ
જાણે સિંહસૂની ગુફામાં જળધોધ ગાજ્યો.
વ્યોમવિડારતો પાંડવોનો હર્ષોન્માદ
પૃથ્વી ત્ય્હારે સ્હી શકતી ન્હોતી.
        શસ્ત્ર ને ઢાલ સમા પછી
પાર્થ ને કૃષ્ણદેવ રણરથેથી ઉતર્યા.
ઉતર્યા એવો મહારથ ભડભડવા લાગ્યો.
હસતાં હસતાં કૃષ્ણદેવે કહ્યુંઃ
'દ્રોણ ને કર્ણનાં બ્રહ્માસ્ત્ર સળગે છે.'
        ભક્તિનીતરતો પાર્થ બોલ્યોઃ
'કૃષ્ણદેવ રણરથે વિરાજતા માટે
બ્રહ્માસ્ત્રો ખુટ્યાં થતાં કુરુક્ષેત્રમાં.'
        એમ આયુષ્યના થાક ઉતરતા હતા.
પણ ધર્મવેત્તા મહાનુભાવ પાંડવો
જયમાં યે ત્ય્હારે પરાજય અનુભવતા.

પછી યુગની રાત્રી પડી,
ને પડદા સમા અન્ધકાર ઉતર્યા.
રુદ્રરંગ કુરુક્ષેત્રે ઢોળાણો.
રણના અઘોર શબ્દે ધમધમતાં
રાત્રીનાં ભીષણ પૂર વહેતાં હતાં.
જોગણીઓ રણમયદાનમાં ઉતરી.
સરોવરપાળે પડયા પડયા
અજગર સમા એકાકી
કૌરવનાથ નિશ્વાસ નાંખતા હતા.
સરોવરનો સૂનકારે નિઃશબ્દ હતો.
એવે અન્ધકારનો પડદો ડોલ્યો.
બે પાંખે અન્ધારદેવ પધારે એવી
અન્ધારામાંથી અન્ધારમૂર્તિઓ પધારી,
ને કૌરવનાથની પાંખો થઇને બેઠી.
અવનીના અન્ધકારમાં જાણે
મૃત્યુદેવની મન્ત્રસભા મળી !
એકે પૂછયુંઃ ‘ આજ્ઞા આપો.
હું વૈરસંગ્રામે ચ્હડયો છું. ’

એની આંખમાંથી અંગારા વરસતા.
કૌરવનાથે આચાર્યપુત્રને ઓળખ્યો;
ને સિંહબાળને સિંહ પંપાળે
એમ સિંહપંજે પંપાળ્યો. ૩૨૮
'પિતા તર્પણ માગે છે,
नरो वा कुंजरो वानुं ૩૩૦
જગસતિયાનું જુઠાણું પ્રાયશ્ચિત્ત માગે છે,
આત્મા વેર માગે છે.
વણુબાળ્યે અગ્નિને શાન્તિ થાય
તો વણસંહાર્યે અશ્વત્થામાને શાન્તિ વળે.
રાજન્! આપો હવેઃ
નરમેધની ઝાળઉછાળતો આત્મા
આજ ઈન્ધન માગે છે.' ૩૩૭
'કૌરવનાથનો આદેશ છે
ગુરુપુત્ર પાંડવશિબિરે જાય.
કૌરવશિબિરો યોધસૂનાં છે. ૩૪૦
भिक्षान्न देहि ત્યહાં જઈને પોકારે.' ૩૪૧
હૈયાના અન્ધકારની એ વાર્તા

પૃથ્વીનો અન્ધકાર સાંભળતો હતો.

વીંધાતા આત્માએ કૃપાચાર્ય બોલ્યાઃ

'ધર્માધર્મને કાંઈકે આલોચ્યો ?
પાંડવોને રણ્હોતરૂ પાઠવ્યું છે ?
વર્ણ માત્રનો ગુરુ છે બ્રાહ્મણઃ
બ્રાહ્મણ ધર્મ ભૂલશે ?
પૃથ્વી રસાતાળ જાય છે આજ.'

'ભગવાને ભાખ્યું મધ્યાહ્નને
કે કળી બેઠો છે આજ.
પૃથ્વી રસાતળ ત્હારે ગઇ–
કટીઉતાર ગદાઘાવ કીધો ત્હારે.
અધર્મ સ્હામે અધર્મ ખેલવો
એને યે અધર્મ ભાખશો ?
પાંડવો પુણ્ય નથી,
પુણ્યના પડછાયા છે.
પાંડવો પુણ્યમૂર્તિ હોત તો
જીતતાં અઢાર વરષો ન લાગત,
કુરુક્ષેત્રે અઢાર અક્ષૌહિણી ન સંહારાત.
પ્રારબ્ધ પુણ્યને વશ છે.

એમનાં પ્રારબ્ધ એમને વશ નથી.
સંહાર મ્હારો વૈરધર્મ છે.' ૩૬૩
અન્તરની ગડમથલના જેવા
કૃપાચાર્યે ડામાડોળ શબ્દો ભાખ્યાઃ
'પાંડવો ધર્મ બોલે તો છે.
એટલો ધર્મોચ્ચાર તો કરો.
वचनेऽपि दरिद्रता ?' ૩૬૮
કષ્ટાતાં કષ્ટાતાં કૌરવનાથે કહ્યું:
'ઉચ્ચાર એ આચાર નથી. ૩૭૦
હૈયે નથી, પાંડવોને હોઠે ધર્મ છે.
नरो वा कुंजरो वा વધ્યા ત્ય્હારે,
રથચક્ર સમારતા કર્ણદેવને ઉચ્છેદ્યા ત્ય્હારે,
સન્તાડેલો સૂર્ય ઉગાડી
સિન્ધુરાજને સંહાર્યા ત્ય્હારે,
પિતામહને મૃત્યુ પૂછવા ગયા ત્ય્હારે,
ભીમે આજ જંઘાઘાવ કીધો ત્ય્હારે
ધર્મ ક્ય્હાં પરવાર્યો હતો ?
પાંડવો ધર્મવક્તા છે, ધર્માચરણી નથી.

ધર્માચરણીઓ ગુરુઘાતક ન હોય. 380
ગુરુપુત્ર ! કૌરવનાથનો આદેશ છેઃ
જાવ, અધર્મની સ્હામે અધર્મને ખેલો.' ૩૮૨
      અશ્વત્થામાના અગ્નિમાં ઘી હોમાયું.
ઝાળ સમા શબ્દો ઉછાળતો
ગુરુપુત્રનો આન્તર અગ્નિ ઉચ્ચર્યોઃ
'ધર્મના ઢોંગ મ્હારે નથી બોલવા.
પિતૃદ્રોહનું મહાવૈર,
नरो वा कुंजरो वानुं પ્રાયશ્ચિત્તદાન,
અણુતપ્યાં આત્માનું તર્પણવિધાન
એ મ્હારી પ્રેરણાઓ થાવ. ૩૯૦
શસ્ત્રો મ્હારા સંગાથી હો,
મન્ત્રો મ્હારા સેનાની હો.
રાજન્ ! જાઉં છું.
હોમના હુતાશમાં હોમાઈશ,
કે નપાંડવી પૃથ્વી કરી પાછો વળીશ.' ૩૯૫
      કૌરવનાથે માથે હાથ સ્થાપ્યો
ને આશિષમન્ત્ર ઉચ્ચાર્યો કે

‘ જા, મ્હારા સેનાપતિ !
હું હાર્યો છું; ત્હારો જય હો ! ’
રુદ્રમૂર્તિ ગુરુપુત્ર અન્ધકારમાં પરવર્યો.
આભમાં તારલાઓ ઝબકતા
એટલા એને અંગેથી અંગારા ખરતા.
‘ અધર્મે ચ્હડેલા બાલકને યે
એકલો રણમાં કેમ મોકલાય ? ’ કહી,
વત્સ પાછળ ગોપાલો જાય એમ,
કૃતવર્મા ને કૃપાચાર્ય ઉઠ્યા.
તારાઓનાં અર્ધઅન્ધારાં તેજમાં
અન્ધકારના પડછાયા પાડતી
કાળમૂર્તિઓ અન્ધારવનમાં અન્તર્ધાન થઈ,
ને પાછળ પૃથ્વીના પડદા પડ્યા.
એ અન્ધારમૂર્તિઓને
ડગલે ડગલે કુરુક્ષેત્ર ડોલતું,
ને ઉચ્ચરતું: ‘ કલિ બેઠો છે. ’
મહારુદ્રના રમતા ગણનાથો
એ સાંભળી અટ્ટહાસ્યે હસતા.

ત્રિશૂળ સમી એ ત્રિમૂર્તિ સંચરી
ત્‍હારે કૌરવનાથે કહ્યું: ' આવજો,
પરાક્રમવાર્તા સંભળાવી જજો.
પછી પ્રાણ પીંજરને છોડશે. '
ગણનાથો પછી રૌદ્રીહૃદયમાં ગયા,
ને દુનિયા ઘુંઘટ વાળીને ઉભી.
જોબનજોધ ત્‍હારે શ્રુતિધર્મને ભૂલ્યો'તો
કે અધર્મને અધર્મ ન જીતે,
અધર્મને યે ધર્મ જ જીતે.
પણ અન્ધારામાં અજવાળાં કોણ પાડે?
રજનીને સેંથે ત્‍હારે ચન્દ્ર ન્હોતો.
તારા ચમકતા ને અન્ધારને દાખવતા.
લોહપીંજરે સિંહણને પૂરી હોય
એવી અન્ધારપીંજરે પૃથ્વીને પૂરી હતી.
વાંસની પાવડીએ ચ્‍હડયા હોય
એવી તાડપ્રલંબ છાયાઓ ઢાળતી
એ ત્રિમૂર્તિ કુરુક્ષેત્રે વિચરતીઃ
જાણે આજની કાળવહી લખવાને

યમદેવ ને ચિત્રવિચિત્ર ચાલ્યા !
મધ્યરાત્રીની ગાઢ કાલિમા યે
એમને પડછાયે કાળી થતી.
ઘોરનિશ્ચયી એ કાળમૂર્તિઓ
ભૂતાવળને અણુરવ પગલે
એમ પાંડવશિબિરે પધારી.
અન્ધાર સમા સૌ મૌનધારી હતા.
શિબિરથી શતચાપ આઘેરેક ઉભીને
ગુરુપુત્રે વ્યૂહમન્ત્રણા ઉચ્ચારી.
તિમિરગુફાઓ શ્રવણ માંડી તે સાંભળતી.
'મહૌજસ આચાર્યદેવ ! સુણજો.
આજ મ્હારી વૈરરાત્રી છે.
કૈલાસ આજ સૂનો થશે
ને રુદ્ર સ્વયં ઉતરશે સંહારાર્થે.
નરકભુવન આજ દ્વાર ઉઘાડશે
ને નારકીઓને સંઘરી સત્કારશે.
नरो वा कुंजरो वा કહીને
જગત્‌સતિયાએ અસત્ય ઉચ્ચાર્યું,

ગોઝારાઓએ ગુરુદેવને હણાવ્યા,
એની આજ વૈરરાત્રી છે.
ઘંટીનું પડ દાણા ઉપર ફરે એમ
મૃત્યુનું પડ પાંડવશિબિરે ફરશે.
કહે છે પાંડવો અમૃતપ્રાશેલા છે.
ભલે: અન્ય એક જીવતો રહે
તો આપણને બ્રહ્મહત્યા લાગે.
અવગ્રહી સત્યવાદીનું વેર !–
સમન્તપંચકના સૂકાયેલા ધરા
મ્હારે આજ ભરવા છે.
પિતૃશ્રાદ્ધની મ્હારે તિથિ છે આજ.
પરશુરામનો ઘડીક અવતાર ધરી
કુરુક્ષેત્રને સચેતન કરીશ.
ધર્મરાયના ઘોર અધર્મે
મ્હને ધર્માધર્મ ભૂલાવ્યા છે.
અધર્મ સ્હામે અધર્મને ખોલીશ હું.
જૂવો પેલું શિબિરદ્વાર:
મંહી જયોત્સવ ઉજવાય છે.

પાંડુપુત્રોના જયોત્સવનું
સંહારપર્વ સરજીશ હું.
મ્હારા અન્તરને અંજાયાં છે
એવાં વિષાદવિષ પાંડવોને પાઈશ.
આચાર્ય ! આપ દ્વારપાળ થાવ.
ચતુર્ભુજ સમોવડ અમે
શિબિરને સાથરે સાથરે ઘૂમીશું.
દાઢમાંથી દાણો છટકે,
યમદંડમાંથી માનવી છટકે,
તો આચાર્યખડ્ગમાંથી યોધ છટકે.
માળામાં મણકા પરોવે એમ
પાંડુપુત્રોને બરછીમાં પરોવીશ,
ને પિતૃદેવને તર્પણ અર્પીશ.
દ્રોણાચાર્ય સંગ્રામપુરોહિત હતા;
એમને રૂધિરનાં તર્પણ હોય.
ધર્મઢોંગી અધર્મીઓ ! સાવધાન.
અશ્વત્થામા પૃથ્વી નપાંડવી કરશે.
ત્ય્હાં સૂધી યજ્ઞોપવિતને વર્જું છું.
યજ્ઞોપવિત ! બ્રાહ્મણના સંયમસૂત્ર !

મનવાણીકર્મના ત્રિવિધ વ્રતબન્ધ !
જાવ, વિસર્જન થાવ.
મ્હારે સંયમ નથી જોઇતો.
ધર્મના ઢોંગ સ્હામે સંયમ શા ?
ઢોંગની સ્હામે વજ્
ને જુઠ્ઠાણાની સ્હામે બ્રહ્માસ્ત્ર
એ મ્હારાં આયુધ થાવ.
પિતૃઋણુ તર્પવાને કાજ
આચાર્યદેવ ! જાઉં છું.
યમપાશમાંથી માનવી છૂટશે,
અશ્વત્થામાના ખડ્ગમાંથી પાંડવ નહિ છૂટે.
ગુરુઘાતકોને ગુરુપુત્રનો શાપ છે કે
અવનીનું છત્ર આભ તૂટી પડશે
ને પૃથ્વીને નપાંડવી કરશે.'

શમ ને સંયમ વર્જેલા
અશ્વત્થામા ત્ય્હારે ક્ષત્રિય ભાસતા.
સાચનામી જુઠ્ઠાણાની સ્હામે
એ વૈરમૂર્તિ હતા,
પિતૃદેવના અધર્મમૃત્યુની સ્હામે

એ ક્રોધમૂર્તિ હતા.
પૃથ્વીલોકમાં યમરાજ પ્રવેશે એવા
અશ્વત્થામા પાંડવશિબિરે પ્રવેશ્યા.
મૃત્યુરથમાંથી મૃત્યુ ઉતરે એવા
કૃતવર્મા આંગણે ઉભા.
મૃત્યુરથના પાખરનાંખ્યા ઘોડીલા સમોવડ
કવચટોપધારી એ યોધબેલડી
વિજયશિબિરમાં પેઠીઃ
જાણે વનમાં દાવાનળની ઝાળો !
ઝબાઝબ વીજળી વીંઝાય
એવી સંહારરમણા મંડાણી.
પ્રથમ તો ફૂલ ખેરવે
એમ છોડ ખંખેર્યાં;
પછી આંબા વેડે
એમ ડાળો વેડી;
પછી પાટડા ફાડે
એમ મોભીને પાડયા;
પછી ઉલ્કાપાત થાય એમ
યોધરાજોનો ઉલ્કાપાત થયો.

બહાર અન્ધકારનાં કિરણો નાચતાં,
એમ અન્દર મૃત્યુનાં કિરણો નાચતાં.
એક–એક કિરણને બાણે
યોધરાજ વીંધાઇને પડતો.
કારમો કોલાહલ સાંભળી
મલપતા હાથી સમોવડો
પાંડવસેનાધીશ ધૃષ્ટદ્યુમ્ન પધાર્યો:
જાણે પાંડવોનો વિજયધ્વજ.
ફૂલને માળી સોયમાં પરોવે
એમ દ્રુપદપુત્રને દ્રોણપુત્રે
જમણે હાથે બરછીમાં પરોવી
ડાબે હાથે ઉશેટી દીધો.
ધૂર્જટીના અવતાર અશ્વત્થામાને આજ
સેનાધિપતિ શિયાળવું હતો.
દ્રૌપદેયો જયોત્સવ ઉજવતા હતા.
એક બીનને ટમટમાવતો,
એક મૃદંગને બોલાવતો,
એક જયગીત ગાતો,

એક તાલ રણુકાવતો,
એક સાંભળતો હતોઃ
સહુ આનન્દમોજાંઓમાં મહાલતા.
કદળીસ્થંભો ઉપર વાંસી ફરે
એમ એક ખડ્ગ ફરી વળ્યુંઃ
કેળાંલૂમ શી ખીંટડિયાળી કેશાવલિવન્તા
દ્રૌપદેયોનાં મસ્તકો પૃથ્વીખોળે પડયાંઃ
જાણે તારાપંચક પડયું.
એમ સંહાર આષાઢી ઝડીએ વરસતો.

મહાયુદ્ધની પૂર્ણાહૂતિ પછી

યોધરાજોનાં આયુધો સજ્જ ન્હોતાં,
ઉતારેલાં અસ્ત્રશસ્ત્રના ઢગલા ઢળ્યા ’તા;
કુરુક્ષેત્રનો વિજેતા યોગસંઘ
પ્રથમ જયરાત્રીએ વિજયઘેનમાં હતો.
એટલે એ ઘેનમૂર્છા ઉપર
જાગૃતિનો ક્ષણિક જય ભાસતો.
પણ આત્મમૂર્છિત જુવાનડો ભૂલ્યો ’તો
કે ધર્મને અધર્મ ન જીતે,

અધર્મને યે અધર્મ ન જીતે.
જય તો ધર્મખડ્ગની ધારે છે.
        યમદેવની અન્તર્ઝાળ સમી
અઘોર એ સંહારરાત્રી હતી.
પાષાણશિલાઓ શા દેહો ત્‍હાં વધેરાતા.
        બહાર-પાંડવોને શિબિરદ્વારે પણ
આજ નરમેધ મંડાણો હતો.
આંગણે મૃત્યુદેવ આવી ઉભા હોય
એવા કૃપાચાર્ય ઉભા હતા.
ખળખળતી વીજળી વીંઝાય
એવું એમનું ખડ્ગ વીંઝાતું.
અગ્નિકુંડમાંથી ઉગરવા સ્ફુલિંગો ઉડે
ને જળમાં ડૂબીને હોલવાય:
એમ ખાંડવવન સમા સળગતા
એ શિબિરજ્વાલામુખીમાંથી ન્હાસતા
કો માનવસ્ફુલિંગોના આત્મજ્યોતિઓ
અન્ધકારમાં હોલવાતા.
શિબિરમાં અગ્નિઉછળતો મધ્યાહ્ન હતો,

બહાર અન્ધારગર્ત સમી રાત્રી હતીઃ
બન્ને મંહી ડૂબતા તે મૃત્યુ પીતા.
વીજ પડે ને વૃક્ષરાજ પડે
એમ યોધરાજો પડતા.
એકદા યોધચતુષ્ટય આવ્યાઃ
જાણે શિબિરની દન્તુડીઓ નીકળી !
મુખદ્વારમાં જીહ્વા ઝઝૂમે એવી
દ્વારમુખમાં ખડ્ગજીહ્વા ઝઝૂમી રહી.
કાળના કોળિયા સમા
મસ્તકકુંભ રગડી પડયા;
કૃપાચાર્યનાં ચરણોમાં ઢળ્યાં.
જાણે આજની મધરાતે
આચાર્યદેવ વસન્ત ખેલતા હતા,
ફાલ્ગુનની રંગપીચકારીઓ સમી
રૂધિરપીચકારીઓ પૃથ્વીને છાંટતા હતા.
અન્ધારા અભમાં તારા ચમકતાઃ
મૃત્યુખોળે ઢળેલા યોધમંડળનાં
કીકીમંડળ તો હોલવાયાં હતાં,

પણ નયનકાચ એવા ચકચકતાઃ
જાણે શિબિરઆંગણે તારલા વેર્યાં !
ઝંખવાયેલી કોક કીકીઓ પણ
ભસ્મભર્યાં અંગારા શી ઝબકતી.
ઘોરકર્માના ઘોર કર્મ ન્હ્યાળવા
આભમાં ચન્દ્રમા ઉગ્યો ન્હોતો.
યમલોકમાંથી યમદેવ નિહાળતા કે
મધરાતે મૃત્યુવીજ વીંઝાય છે.
કૃપાચાર્યનું રુદ્રરૂપ નિહાળીને
અન્ધકાર સ્વયં થરથરતો.
યમદેવના યમદંડ સમું
કૃપાચાર્યનું ખડ્ગ ઝઝૂમતું.
કાલીન્દીદ્રહમાં નાગમાથે કૃષ્ણ નાચ્યા 'તા,
ખાંડવવન બાળતાં પાર્થ આનન્દ્યો 'તો,
એમ સંહારયજ્ઞ સન્મુખે મૃત્યુફેણા ઉપર
કૃપાચાર્ય નાચતા ને આનન્દતા.
ઉપશિવરાત્રીની એ અન્ધારરાત્રીએ
કૃપાચાર્ય ચોધરાજોને અન્ધકાર પાતા.

યુદ્ધસ્વામીઓ મૃત્યુની ઠોકર ખાતા,
ને ઠોકરાતા ઝાઝ સાગરગર્તમાં ડૂબે
તેમ તેઓ અન્ધારગર્તમાં ડૂબતા.
કૃપાચાર્યનું ઘૂમતું મૃત્યુખડ્ગ ૬૨૦
તમીસ્રાના ગુફાદ્વાર ઉઘાડતું.
બ્રાહ્મણના પુણ્યપ્રકોપ ને બ્રહ્મશાપ
ક્ષત્રિયો ઉપર એમ વરસતા.
દ્રોણાચાર્યના કપટમૃત્યુનું વળાયું એવું
રુદ્રવેર કોકનું વળાયું હશે;
ધર્મદેવના અસત્યવાદનું અપાયું
એવું પ્રાયશ્ચિત્ત કોકને અપાયું હશે:
આજે યે ઇતિહાસના ઉચ્ચાર એ છે. ૬૨૮
        એમ કુરુક્ષેત્રની વૈરપર્વણી ઉજવાઇ. ૬૨૯
        અને છેલ્લેવેલ્લે આવ્યું સિંહાસન. ૬૩૦
પાંચવેદીએ પંચાગ્નિ સારખડા
પાંડુકુમારોના જ્યોતિ ગુરુપુત્રે નિરખ્યા.
વચ્ચે યજ્ઞવેદીના અગ્નિ સમા
યોગીશ્વર કૃષ્ણચન્દ્ર વિરાજતા.

બાળાપણમાં સંગાથે રમતા
એવા પાંડવોને રમતા દીઠા.
ગુરુપુત્રના પાય થંભી ગયા.
અગ્નિહોત્રના અગ્નિ સમીપે,
બાલમિત્રોની મૈત્રી સન્મુખ,
ક્રોધવીજળીના વેગે ઉતરી ગયા.
અગ્નિ અગ્નિથી અળગો રહે
એવા ગુરુપુત્ર આઘે ઉભા.
કૃષ્ણચન્દ્રે દીઠું કોક કાલાગ્નિ છે.
'યુદ્ધનો અંગારો કિયો ઝબકે છે એ ?'
એમ મૃદંગનાદે કૃષ્ણદેવે પૂછ્યું.
અશ્વત્થામાએ માનસી મન્ત્રોચ્ચારે દર્ભ સરજ્યો,
મૃત્યુમન્ત્રે મન્ત્રી વાયુમન્ત્રે પાઠવ્યો.
ઉપર પૃથ્વીનો ભાર મૂક્યો,
આયુષ્યનાં પુણ્ય મૂક્યાં,
બળબળતો બ્રહ્મશાપ મૂક્યો કે
'પૃથ્વી નપાંડવી થજો'
 ક્રોધ નિશ્ચય નથી, ઉર્મિ છેઃ

સાગરના ઘૂઘવતા મોજા પેઠે
ક્ષણમાં યે ભાગી જાય.
બ્રહ્માસ્ત્ર નાંખી એનો ઘૂઘવાટ ભાગ્યો;
જૂની મૈત્રી સન્મુખ વેર વિશમ્યાં.
એનો ભડભડતો ક્રોધાગ્નિ,
એનો ઉછળતો યૌવનઝરો,
એનો ઉગ્ર સંહારનિર્ધાર,
‘મૃત્યુ’ મૃત્યુ’ ઝંખતી
એના આત્માની મહાઝાળ
ગુરુબન્ધુઓ સન્મુખ ઓસરી ગયાં.
પાંડવમુખડે ગુરુપુત્રે ગુરુમુદ્રા નિરખી.
કૃષ્ણનયનમાં નયન પરોવી,
થનગનતા અશ્વરાજને રાશ ખેંચી
પાછે પગલે ડગ ભરાવે, એમ
આત્માનાં કિરણો વરસાવતો
ગુરુપુત્ર પાછે પગલે પાછો વળ્યો.
બ્રહ્માસ્ત્ર નાંખીને બ્રાહ્મણ ગયો,
ને પાછળ સંહારનાં ખંડેર રહ્યાં.

કૃષ્ણદેવે દીઠું કોક કાળ જાય છે.
મ્યાનમાંથી ખડ્ગ ઉછળે
એમ કૃષ્ણચન્દ્ર ધખધખતા ઉઠયા.
શિબિરમાં મશાલો ઝબકી રહી,
અગમ્ય અગોચર કોકને શોધી રહી.
પણ એ કાળમુખાળું ચોઘત્રિશૂળ
અન્ધારપગથીઓમાં વિચરતું હતું:
રૌદ્રીના સન્તાન રુદ્રમાર્ગે જતા હતા. ૬૭૮
    વકરેલી સિંહણને પગલે એવે
મહારાણી દ્રૌપદીજી આવ્યાં. ૬૮૦
જાણે આભને ચીરતી હોય;
જાણે અન્ધકારને જગાડતી હોય,
એવી એ સિંહણે કારમી ધા નાંખી.
'સૌ ઉંઘો છે? કે જાગો છો?
કાળ આવીને કાપી ગયો,
પાંચે અંગ ઉચ્છેદી ગયો.
સિંહાસન લેવા જતાં
પાંડવોનું નિઃસન્તાન ગયું.

નાગના વિષડંખ સમા
ઉત્તરાને અંગે બાણુ લોકાય છે.' ૬૯૦
    પાંચે પાંડુકુમારોની
પંચેન્દ્રિયોએ મૂર્છા ખાધી
ને હૈયામાં હાહાકાર ગાજ્યો.
બુદ્ધિ બૂઝાઇ ગઈ;
આયુષ્યઆરતીની શિખાઓ હોલવાઇ ગઈ.
પાનખરના પલ્લવશૂન્ય વૃક્ષરાજ સમા
પાંડવો વરવા પ્રાણુશૂન્ય ઉભા. ૬૯૭
    પાર્થ પ્રથમ સચેત થયો,
ને કહ્યું: 'ઘડીક થંભો, મહારાણીજી !
નરાધમનો પ્રાણ આણી ચરણે ધરૂં છું.' ૭૦૦
    ગાંડીવધન્વાએ ગાંડીવ સજ્યું;
કૃષ્ણદેવે સંગ્રામરથ જોતર્યો;
ને અન્ધકારના ઓછાયાઓ પાછળ
અન્ધારવનમાં રથ વ્હેતો મૂક્યો:
જાણે યમદેવની શોધમાં ઈન્દ્રરાજ ચ્હડયા,
જાણે અન્ધારાં ધોવાને અજવાળાં સંચર્યાં ! ૭૦૬

કાળયોગની અઘોરતા વિચારી,
નિજનું સર્વસ્વ તપ ઠાલવી,
સૂર્ય ઝંખવવા મહાસૂર્ય ઉગાડે એમ,
બ્રાહ્મણછોડયા બ્રહ્માસ્ત્રની સ્હામે
કૃષ્ણચન્દ્રે બ્રહ્માસ્ત્ર મૂકયું.
સતીના ક્રોધાગ્નિનો
જાણે જ્વાળામુખી ફાટયો !
માનવલોકે માતૃહાયનો
જાણે દાવાનળ પ્રગટયો !
'નપાંડવી પૃથ્વી'નો બ્રહ્મશાપ સાંભળી
ધરતી યે ધ્રૂજી ઉઠી હતી.
વિશ્વનાં અણુઅણુ અઘોરતા ઉચ્ચરતા.
'ધર્મનો પુણ્યનો માતૃત્વનો ભરતવંશનો
યુદ્ધદેવે શું નાશ વાંચ્છયો ?'
એવું પૂછતી પૃથ્વી
'અબ્રહ્મણ્યં' 'અબ્રહ્મણ્યં' ઉચ્ચરતી.
ભરતકુલમાતાના ગર્ભની રક્ષાર્થે
બ્રહ્માસ્ત્ર સ્હામે બ્રહ્માસ્ત્ર છોડી

મહારથીઓના પડેલા પડછાયા શોધતા
કૃષ્ણ ને પાર્થ પાછળ પડયા. ૭૨૯
તમિસ્રામાં ભૂતનાયકો ઉડે
એમ એ મહારથીઓ ઉડતા.
કાળરાત્રીના વૃક્ષઝુંડની કાલિમામાંથી
શ્વેત રીંછો સમા તે નીકળ્યા ૭૩૦
કે પાર્થે એમને ઝડપ્યા.
અશ્વત્થામાની શિખાજ્યોત ઝાલીઃ
જાણે ફણીધરની ફણા નાથી ! ૭૩૩
મેઘશબ્દે પાર્થ ત્રાડયોઃ
‘ અશ્વત્થામા ! શું કીધું આ ? ’ ૭૩૫
‘ કૃષ્ણનાં કારસ્થાનોનું
પાંડવોને પ્રાયશ્ચિત્ત પાયું. ’ ૭૩૭
‘ કુભાંડી છો, અધર્મી છો, અક્ષત્રિય છો,
ત્હો યે મ્હારો ગુરુપુત્ર છો.
મ્હારૂં પરાક્રમ દ્રોણદીધું છે, ૭૪૦
દ્રોણપુત્ર ઉપર નહિ ઉતરે એ.
ઘોરકર્મા ! જા અને જીવજે.

અને જીવે ત્ય્હાં સૂધી ભાખજે જગતને
ત્હારાં ઘોર કર્મની કથા.
પ્રાણાધિક ત્હારો બ્રહ્મત્વમણિ ઉતારૂં છું:
પાંડવરાણીને સેંથે વિરાજશે એ.
અશ્વત્થામા ! ત્હેં મ્હારૂં સર્વસ્વ સંહાર્યું:
જા, ત્હારૂં સર્વસ્વ બક્ષું છું ત્હને.
પણ ત્રિકાળ વદશે કે
અશ્વત્થામા એટલે વિશ્વપાતકી.' ૭૫૦
'વર્ણન્હોતરે સંહાર ખેલ્યો ?
અશ્વત્થામા ! અન્ધારામાં અધર્મ રમ્યો ?'
કૃષ્ણદેવે યૌવનોન્માદીને તુચ્છકાર્યો. ૭૫૩
'અપરાહ્‌ને તપતો કલિ ત્હમારે
મધરાતે ઉતરી જતો હશે, એમ ને ?' ૭૫૫
'રાત્રીએ સૂર્ય આથમે છે—તેમ:'
કૃપાચાર્યે જગન્નિયમ ભાખ્યો.
બ્રાહ્મણોએ ભગવાનને મહાત કીધા. ૭૫૮
'રજનીસેંથેથી ચન્દ્રમાને ઉતારે
એમ ઉતારૂં છું ત્હારો બ્રહ્મત્વમણિ.' ૭૬૦

પાર્થનો શબ્દ મેઘ જેવો ગાજતો. ૭૬૧
હેવખડ્ગે શિખાબાંધ્યો મણિ કાપી
ગુરુપુત્રને પાર્થે જતો કીધો.
એ અક્ષત્રિયો અન્ધકારમાં ગયા,
ને પાંડુનન્દને શિબિરઘાટે જઇને
પાંડવમહારાણીને માથે મણિ ધરાવ્યો.
અન્ધકારમાં ચન્દ્રમા ઉગે
ને શ્યામવર્ણા પ્રારબ્ધનાં આભ
આછે અજવાળે ઉજળાં થાય, એવો
દ્રૌપદીનો અન્તરન્ધાર ઝાંખો અજવાળાયો. ૭૭૦
મહારાણીની કાળી કેશાવલિમાં
બ્રહ્મત્વની મણિજ્યોત ઝગમગી રહી.
જાણે મેઘસેંથે શુક્ર તારિકા ! ૭૭૩
સમંતપંચકને કાંઠે મ્હેણે
અજગર શા એકાકી કુરુરાજ
નિશ્વાસ નાંખતા ને ઉચ્છવાસ લેતા હતા.
અન્ધારઝાડીઓમાંથી ઘૂવડ બોલ્યું:
જાણે દિશાપારનો આમન્ત્રણશબ્દ !

તન્દ્રાસ્વપ્નમાંથી કૌરવનાથ અધજાગ્યા.
આયુષ્ય સંકેલાતું જતું
તેમ તેમ આત્મા જાગતો જતો.
પછી પગલાંને પારખ્યાં,
ને અન્ધારવનમાંથી આવતી
અન્ધારમૂર્તિઓને ઓળખી.
તમિસ્રાનાં પૂતળાં સમાં
અમાવાસ્યાના મ્હેરોડમાંથી એ આવ્યા,
પૃથ્વીપડયા પૃથ્વીનાથને હર્ષાલિંગન દીધાં.
આંખડીએ આંખડીને વાંચી,
હૈયાંએ હૈયાંને વાંચ્યાં.
જીવનના પાયા સમા પછી
ત્રિદિશમાં મહારથીઓ વિરાજ્યા.
       કૌરવસિંહાસનને કય્હારેકે
ચાર પાયા હોત તો
કુરુસિંહાસન ડોલી જાત નહિ.
       પછી પરાક્રમવાર્તા મંડાણી.
અશ્વત્થામાએ અન્ધારકથા કહી,
કૃતવર્માએ રૂધિરકથા કહી,

કૃપાચાર્યે સરવાળો ઉચ્ચાર્યો:
'સપ્તસિન્ધુ સમા એ સાત છે,
ત્રિભુવન સમા અમે ત્રણ છીએ.
એ અઢાર અક્ષૌહિણીનો અવશેષ,
એ મહાભારતની જયઘોષણા.'
કૌરવનાથે બિરદાવ્યા ને પૂછયું:
'અશ્વત્થામાએ વૈરવ્રત ઉજવ્યાં.
ને દ્રૌપદીના પુત્રો ?'
અટ્ટહાસ્યે અશ્વત્થામાએ કહ્યું:
'કુરુપુત્રોની સંગાથે પરવર્યા.
આપને ઉદકાંજલિ નહિ અર્પે એ.'
ધીમા પણ ભીષણ શબ્દે
કાળરાત્રીની કથા ચાલતી હતી.
કોઈક-કોઈકના
આત્મા જ વૈશ્યવૃત્તિના છે ને?
મૃત્યુના યે લાભાલાભ જોખે!
પડઘો યે ઝીલતો ન હતો
એવા સંહારના એ શબ્દસિત્કારે
મૃત્યુઆરે પડેલા કૌરવનાથના કાનમાં

વિષવર્ણું અમૃત રેડ્યું,
ને ઉરમાં ઉત્સાહવીજ ઝબકાવી.
આકાશપારની ઉર્મિઓ ઉછળી;
ને કૌરવનાથે અશ્વત્થામાના પરાક્રમને
આશીર્વાદ દીધો: ‘ ચિરંજીવ થજે ! ’
    એવે આઘેથી ઘૂઘરમાળ ઘમકી;
જાણે વનનાં પલ્લવઝૂમખાં ઝમક્યાં !
અને અન્ધારવનની ગુફામાંથી
અગ્નિની પાંખ સમો અગ્નિખૂણમાં
એક રથ આવતો ઝંખાણો.
પાટનગરીનો એ રાજરથ હતો.
પરિમળને પગલે નહીં,
પણ વંટોળને વેગે
એના અશ્વરાજો ઉછળતા.
હસ્તિનાપુરનો તે રથ હતો.
કાળનો સન્દેશો સાંભળી ઉડતો હતો,
વાયુનાં પગલાંમાં પગલાં મૂકતો હતો.
મંહી અગમ્યદૃષ્ટા ધૃતરાષ્ટ્ર મહારાજ

ને અન્તઃપ્રજ્ઞા મહારાણી ગાન્ધારી હતાં.
વિધિમંડળ શા સમંતપંચકમાં
કૌરવરાજ પડયાના અશુભ સાંભળી
કુરુવૃદ્ધોનું વાત્સલ્ય પુત્રદર્શને પધારતું.
અશ્વોની ઘૂઘરમાળ ઘમઘમતી એવું
રણમંડળ એમને ઘમઘમતું ભાસતું:
જાણે પ્રારબ્ધની પડઘીઓ બોલી !
સમળા આભ ચીરતા ઉડે
એવા અશ્વરાજો ઉડતા;
વાદળી આકાશને ઉલ્લંઘે
એમ રથ અવનીને ઉલ્લંઘતો.
અન્ધકારમાંથી રથ પ્રગટતો હતો,
પ્રારબ્ધનો ભાર ધ્વજદંડે ભારેલો હતો,
દિવ્યદષ્ટા સંજય સારથી હતા.
અઢારે તિથિઓની યુદ્ધવાર્તા
સંજયે દીઠી અને ભાખી હતી.
રૌદ્રીના અપરાહ્નની રુદ્રકથા
પિતૃમંડળને કુરુક્ષેત્રે લાવતી હતી.

તળાવશિખિરે રથ થંભ્યો;
ને મહારાજ ને મહારાણી ઉતર્યાં ત્હારે
કુરુક્ષેત્રે પ્રાગટ પ્રગટતી હતી.
દુઃખમૂર્તિ મહારાણી ગાન્ધારી બોલ્યાં:
'મ્હારા ભાગ્યમાં પુત્રો હોત તો
સો–સો પુત્રે હું નપુત્રી ન હોત.
સન્તાન એટલે વિધાત્રીનાં વરદાન.'
અજવાળાંના જુવાળ ચ્હડતા નિરખી
અન્ધારમૂર્તિઓ અન્ધારામાં જવાને ઉઠી.
સ્હવાર મધ્યાહ્ન ને સન્ધ્યા સમા
ત્રિકાળના ત્રણ પડછાયા જેવી
એ કાળવર્ણી ત્રિમૂર્તિને
તીક્ષ્ણદ્રષ્ટા ને દિવ્યચક્ષુ સંજયે
અન્ધકારમાં ઓસરતી જોઇ.
ગાર્વગાજન્તો ને શૂરસોહામણો,
પણ દુરાગ્રહી ને પુણ્યદ્વેષીલો,
મહારાજ કૌરવરાજનો આત્મા
હૈયાઝોળીમાં લઇ તેઓ જતા હતા.

કુરુક્ષેત્રનો એ કારમો ઉપસંહાર
ગોરંભાયેલું રણમંડળ નિરખતું હતું. ૮૭૨
અન્ધારભેદક દૃષ્ટિના સંજયે પડકાર્યાં:
'કોણ છે એ?' ૮૭૪
દિશાની ગુફામાંથી ઉત્તર ગાજ્યો:
'પુરુષાર્થના પડછાયા.' ૮૭૬
અન્ધકાર એ સાંભળતો ઉભો'તો. ૮૭૭
સમન્તપંચકમાં સ્નાન કરીને
રાત્રીમાંથી દિવસમાં પધારતો,
ઉગતાં અજવાળાંના ભગવા પૂતળા સમો, ૮૮૦
એક જોગી પૂર્વમાં જતો હતો.
પ્રભાતપાંખડી શી એની આંખડલી
યુગનાં મોજાંઓ જોતી ને ઝીલતી:
એનું ઉભરાતું-છલકાતું હૈયું
યુગયુગનાં ગીત ગાતું:
જાણે કાળના પુરોહિતે મન્ત્રો ભણ્યા! ૮૮૬
યુગ ઉછળે નયનનમાં,
હરિ! ત્હારે યુગ ઉછળે નયનનમાં. ૮૮૮

યુગ, યુગાન્તર, વિશ્વોની ભરતી,
વીજ વહે દૃગઘનમાંઃ ૮૯૦
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં. ૮૯૧
દિશદિશ પ્રોવતી પ્રાગટ પ્રગટે;
ત્યમ પ્રોવે ત્રિભુવન આઃ
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં. ૮૯૪
યોગયોગેશ્વર, કાળના કાળ એ
આજ દીઠા કુરુરણમાંઃ
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં. ૮૯૭
યુગ ઉછળે નયનનમાં,
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં. ૮૯૯
પૃથ્વીની કટિમેખળા બાંધીને ૯૦૦
ક્ષિતિજની ઝાડીઓનાં ઝુંડ ડોલતાં.
ગહનતાના ફૂવારા સમાં પાછળ
નવયુગની ઉષાનાં કિરણો પ્રગટતાંઃ
જાણે ક્ષિતિજના કુંકુમકુંડોમાંથી
કુંકુમની ધારાઓ ઉડી !
ને એ ઉગતી ઉષાના હૈયામાં,

મોરપીંછમાં ચાંદલો હોય છે એવો,
તેજોદ્યાનમાંની તેજકુટીર સરિખડો,
આઘે આઘે એક ઋષ્યાશ્રમ ઝંખાતો.
સન્ધ્યાતીરના એ ઋષ્યાશ્રમમાંથી
દિશાશ્રવણો ભરીને ગડગડતો વહતો
મંગળા આરતીનો શંખનાદ થયોઃ
જાણે દશે દિશાઓ સામટી બોલી !
જાણે આભમાંથી શબ્દમેઘ ઠલવાયા !
અગમ્ય વિશ્વોને પેખતા
કુરુવૃદ્ધ ધૃતરાષ્ટ્ર મહારાજે એમાં
કાળનો ડંકો વાગતો સાંભળ્યો.
નિઃસીમને કિનારે પરવરતા
એ શંખનાદની પાંખે વિરાજીને
કૌરવરાજ દુર્યોધનનો આત્મા,
જય ઝંખતો, અગ્નિ ફાકતો,
જીવનનું તીર્થ શોધતો,
ઇતિહાસ ઘડીને, યુગ પલટાવીને,
પ્રારબ્ધલખ્યા સંહારસંસાર ખેલીને,

પરાજયપંખાળા પંખી જેવો,
સાન્તને આરેથી
અનન્તને ઝરૂખે જઇને બેઠો. ૯૨૭
પ્રાતઃકાળનાં દુંદુભી એવે ગડગડયાં,
કુરુક્ષેત્રનું રણમંડળ ગાજી ઉઠયું,
અને એ પ્રાતઃશબ્દે ઉચ્ચાર્યું કે ૯૩૦
'દ્વાપરની ઇતિહાસસંહિતા રચાઈ રહી'. ૯૩૧
અમાવાસ્યાના એ શંખનાદમાં
ને નવપ્રભાતના એ ઉષઃશબ્દમાં
ધર્મક્ષેત્ર કુરુક્ષેત્રના દિશામંડળનો
કાળનો ડંકો વાગતો હતો;
ને કાનવાળા સૌને કહેતો હતો કે
'પાપ હારે છે, પુણ્ય જીતે છે.' ૯૩૭
આઘે–આઘેની ક્ષિતિજપાળેથી
જોગીના શબ્દો જગતમાં ઢોળાતા હતા: ૯૩૯
યુગ ઉછળે નયનનમાં, ૯૪૦
હરિ ! ત્હારે યુગ ઉછળે નયનનમાં. ૯૪૧
જોગીના શબ્દો પ્રલયના પડઘા હતા. ૯૪૨

અમાવાસ્યાની મંગળા આરતીના
મેઘમંગળ એ મહાશબ્દે
વિશ્વ ભરી કાળનો ડંકો વગાડયો
કે દુર્યોધનયુગ ઉતર્યો
ને યુધિષ્ઠિરયુગ બેઠો પૃથ્વીમાં. ૯૪૭
આજે યે એ યુગપલટાનાં મહાદુંદુભી
દુનિયાનાં કુરુક્ષેત્રોમાં ગાજે છે. ૯૪૯